Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
Wholesale Price
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
100 % Genuine Medicine
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૧૧ ● સળંગ અંક : ૧૦૯૯ ● પ્રકાશિત તા-૧૩-૧-૨૦૨૬,મંગળવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

UTTRAYAN SPECIAL OFFER
Rs.100/- માં 1 ગોગલ્સ
દરેક કંપનીના સન ગ્લાસ અને બ્રાન્ડેડ ફ્રેમ મળશે
Janam OPTICS

Chashme ka adda
શોપ-૧, આદિત્ય આઈકોન, ત્રીશા હોસ્પીટલની ગલીમાં, મિર્ચી મેદાન, નવા વાડજ, અમદાવાદ-૧૩.M : 91046 96975
*Condition Apply Upto 15 Jan2026

ઉત્તરાયણ નિમિત્તે
સ્પે. ઉંધિયું
લીલવાની કચોરી
શુદ્ધ ઘીની જલેબી
જૈન ઉંધિયું અને સ્વામીનારાયણ ઉંધિયું
સ્વાદસભર પૌષ્ટીક નાસ્તાની રમઝટ માણવા

પંકજભાઈ નાગર
આશિષભાઈ નાગર

(જુના અને જાણીતા)
જયશ્રી ચામુંડા ફરસાણ સેન્ટર
ઉમિયા માતાજીના મંદિર પાસે, નવાવાડજ, અમદાવાદ.
શુભ પ્રસંગે તથા લગ્નપ્રસંગે પાર્ટી ઓર્ડર લેવામાં આવશે

ઉત્તરાયણ સ્પે.
ચટાકેદાર
ઉંધીયું
રસઝરતી જલેબી
લીલવાની કચોરી


(જુના અને જાણીતા)
કૃષ્ણ ફરસાણ કોર્નર
૧૦, નીલધારા શોપીંગ સેન્ટર,રમેશ દાળવડાની બાજુમાં, વ્યાસવાડી ચાર રસ્તા, નવા વાડજ. અમદાવાદ

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## મકરસંક્રાંતિ પર્વેને લઈને ૩ દિવસ ગુજરાતના પ્રવાસે

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કાર્યકરો સાથે પતંગોત્સવની મજા માણશે

અમદાવાદ : કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ મંગળવાર, ૧૩ જાન્યુઆરીથી ૧૫ જાન્યુઆરી દરમિયાન રાજ્યની ત્રણ દિવસીય મુલાકાત શરૂ કરવાના છે.અમદાવાદ-ગાંધીનગરમાં વિવિધ વિકાસ કાર્યોનું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે લોકાર્પણ કરશે અને અમદાવાદમાં ઉત્તરાયણની ઉજવણીમાં ભાગ લેશે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી મકરસંક્રાંતિના પર્વે ત્રણ દિવસીય ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. ૧૩ થી ૧૫ જાન્યુઆરી દરમિયાન અમિત શાહ અમદાવાદ અને ગાંધીનગરમાં વિવિધ વિકાસલક્ષી કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. ૧૩મી જાન્યુઆરીના રોજ શાહ અનેક વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. તેમના સમયપત્રકમાં સવારે ૧૦:૧૫ વાગ્યે તેમના વતન માણસામાં એસડી આર્ટસ અને બીઆર કોમર્સ કોલેજમાં નવા બનેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું ઉદ્ઘાટન અને વિવિધ વિકાસ કાર્યોનો સમાવેશ થાય છે.આ પછી સવારે ૧૧:૪૫ વાગ્યે ગાંધીનગરના પેથાપુર ખાતે ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ બાયોટેક્નોલોજી સંશોધન કેન્દ્ર (BSL-૪ પ્રયોગશાળા)નો શિલાન્યાસ સમારોહ યોજાશે. બપોરે ૨:૧૫ વાગ્યે, શાહ અમદાવાદ નજીક સનાથલ ખાતે ગ્લોબલ એક્સેલન્સ ફાર્માસ્યુટિકલ એકેડેમીનો શિલાન્યાસ કરશે. બાદમાં સાંજે, તેઓ આણંદના ચાંગામાં ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના ૧૫મા દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે.

### નારણપુરામાં ગુજરાત હાઉસિંગ બોર્ડના રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ 'સૂર્યા એપાર્ટમેન્ટ વિભાગ-૨'ના શિલાન્યાસ સમારોહમાં હાજરી આપશે

૧૪ જાન્યુઆરીએ ઉત્તરાયણના તહેવાર નિમિત્તે, કેન્દ્રીય મંત્રી સવારે ૧૦:૩૦ વાગ્યે અમદાવાદના જમાલપુરમાં જગન્નાથ મંદિરમાં દર્શન અને ગૌ માતા પૂજન સાથે દિવસની શરૂઆત કરશે. ત્યાર બાદ તેઓ સવારે ૧૧:૧૫ વાગ્યે નારણપુરામાં ગુજરાત હાઉસિંગ બોર્ડના રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ 'સૂર્યા એપાર્ટમેન્ટ વિભાગ-૨'ના શિલાન્યાસ સમારોહમાં હાજરી આપશે.

અમિત શાહ ત્યારબાદ અર્જુન ગ્રીન ફ્લેટ્સ, આસ્થા ઓપલ અને અભિષેક એપાર્ટમેન્ટ સહિત સમગ્ર નારણપુરા અને નવા વાડજ વિસ્તારના અનેક સ્થળોએ પતંગ ઉડાવવાની ઉજવણીમાં ભાજપના કાર્યકરો અને સ્થાનિક રહેવાસીઓ સાથે જોડાશે. પરંપરા મુજબ, શાહને અમદાવાદની કેટલીક હાઉસિંગ સોસાયટીઓના ટેરેસ પરથી પતંગ ઉડાડતા જોવા મળે તેવી અપેક્ષા છે, જેમ કે તેઓ દર વર્ષે ઉત્તરાયણ દરમિયાન કરે છે. ૧૫ જાન્યુઆરીના રોજ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ડૉ. ગૌતમ પટેલ દ્વારા સંપાદિત અને સાસ્તુ સાહિત્ય મુદ્રાનાલય ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત આદિ શંકરાચાર્યની સંપૂર્ણ રચનાઓના પુસ્તક વિમોચન સમારોહમાં હાજરી આપશે. આ કાર્યક્રમ ટાગોર હોલ, પાલડી, અમદાવાદ ખાતે સવારે ૧૦:૪૫ કલાકે યોજાશે. આ ઉપરાંત ત્રણ દિવસીય પ્રવાસ દરમિયાન અનેકવિધ જનહિતના કાર્યોને વેગ આપશે.

## કિડની હોસ્પિટલ દ્વારા વધુ નાણા લેવાતા હોવાની સરકારને ફરિયાદ

અમદાવાદ : અમદાવાદની કિડની હોસ્પિટલ વધુ એકવાર વિવાદમાં આવી છે. મીડિયા રિપોર્ટ મુજબ, કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર આઈકેડીઆરસી દ્વારા ડાયાલીસીસના દર્દીઓ પાસેથી ખોટી રીતે નાણાંની વસુલાત કરવામાં આવતી હોવાની ફરીયાદ સરકારને કરવામાં આવી છે. સીવીલ મેડીસીટીમાં આવેલી કિટની હોસ્પિટલ દ્વારા દર્દીઓ પાસેથી ગેરકાયદે ડાયાલીસીસ માટે રૂપિયા લેવાતી હોવાની ફરીયાદ ઉઠી છે. દર્દીઓની ફરીયાદ છે કે પીએમજેવાય અને પીએમ-એનડીપી અંતર્ગત વિના મુલ્યે ડાયાલીસીસ સેવા ઉપલબ્ધ હોવા છતાં રૂપિયા લેવામાં આવે છે. આ મુદે આરોગ્ય વિભાગના પ્રિન્સીપાલ સેક્રેટરીની લેખીત ફરીયાદ કરીને તટસ્તથ તપાસની માંગણી કરવામાં આવી છે. ફરીયાદ મુજબ પીએમ નેશનલ ડાયાલીસીસ પ્રોગ્રામ હેઠળ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ એન્ટ્રી બતાવાઈ હતી. અને એ જ ડાયાલીસીસ માટે દર્દી પાસેથી એડવાન્સ રકમ ૧૬૫૦ રૂપિયા લેવામાં આવ્યા હતા. પીએમ-એનડીપીની વેબસાઈટ મુજબ ચાર્જ વસુલાતો નથી પરંતુ હોસ્પિટલે ચાર્જ લીધો છે. આ બાબત સોશીયલ મીડીયામાં પણ વાઈરલ થઈ છે. જોકે હોસ્પિટલ દ્વારા વસુલાયેલી રકમ પરત કરાઈ હતી પરંતુ ફરીથી દર્દીઓ પાસેથી ચાર્જ વસુલવાને રજુઆત કરવામાં આવી છે. પીએમ-એનડીપી અમલમાં આવ્યા બાદ આજ દિવસ સુધીના ડાયાલિસીસ માટેના લેવાયેલા નાણાંની માહિતી મંગાવવામાં આવે.

## શ્રી નારણપુરા શ્રીમાળી સોની યુથ સર્કલનો સ્નેહ મિલન સમારોહ યોજાયો



અમદાવાદ : તાજેતરમાં શહેરના ચાણક્યપુરી વિસ્તારમાં શ્રી નારણપુરા શ્રીમાળી સોની પશ્ચિમ અમદાવાદ દ્વારા ૨૫મો સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો. જેમાં નવા વાડજ વિસ્તારમાં રહેતા અગ્રણી એડવોકેટ પ્રકાશચંદ્ર સોનીનું સાલ, બુકે અને ગિફ્ટ આપીને સમાજના પ્રમુખ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું અને આ સમારોહમાં સોની સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા...

### TRB જવાનો માટે ખુશખબર

## ટ્રાફિક બ્રિગેડ જવાનોના વેતનમાં કરાયો ધરખમ વધારો, જાણો કેટલો કરાયો વધારો ?

ગાંધીનગર : રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગૃહ વિભાગ દ્વારા રાજ્યના ટ્રાફિક બ્રિગેડ (TRB)ના જવાનો માટે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રાફિક બ્રિગેડ જવાનોનુ દૈનિક માનદ વેતન રૂ.૩૦૦થી વધારીને હવે રૂ. ૪૫૦ આપવા આવશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, ટ્રાફિક પોલીસ સાથે તાપ, ટાઢ વચ્ચે ફરજ બજાવતા રાજ્યના ટ્રાફિક બ્રિગેડના ૧૦,૦૦૦ જેટલા જવાનોના વેતનમાં ૯ વર્ષના લાંબા ગાળા બાદ વધારો કરાયો છે. ૨૦૧૮થી દૈનિક રૂ. ૩૦૦ના વેતનમાં ફરજ બજાવતા ટીઆરબી જવાનોને હવે દૈનિક રૂ. ૪૫૦ મળશે. રાજ્યના મોટા શહેરો જેવા કે સુરત, રાજકોટ અને વડોદરામાં ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા શરૂ થયેલી ટ્રાફિક બ્રિગેડ વ્યવસ્થા આજે સમગ્ર રાજ્યમાં કાર્યરત છે. ટ્રાફિક નિયમનમાં પોલીસને પૂરક બનતા આ જવાનોના કાર્યક્ષેત્રને ધ્યાને રાખીને રાજ્ય સરકારે તેમના માનદ વેતનમાં વધારો કરવા નિર્ણય લીધો છે.

ગૃહ વિભાગના વર્ષ ૨૦૧૮ના ઠરાવ મુજબ અત્યાર સુધી ટ્રાફિક બ્રિગેડના જવાનોને પ્રતિદિન રૂ. ૩૦૦ ચૂકવવામાં આવતા હતા. રાજ્ય સરકાર દ્વારા આ વેતન વધારીને હવે પ્રતિદિન રૂ. ૪૫૦ કરવામાં આવ્યું છે. આ નિર્ણયનો સીધો લાભ રાજ્યના અંદાજે ૧૦,૦૦૦થી વધુ ટી.આર.બી. જવાનો અને તેમના પરિવારને મળશે. રાજ્ય સરકારના આ સંવેદનાત્મક અભિગમ સાથે લેવાયેલા નિર્ણયનો અમલ આજથી જ કરવામાં આવશે, જે ટ્રાફિક બ્રિગેડના જવાનો માટે આર્થિક રીતે પ્રોત્સાહક બની રહેશે.


શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ
અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો



ઉત્તરાયણ નિમિત્તે ઉંધીયુ અને જલેબી મળશે

વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭



PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

NIRMAN REALTY
WE BUILD TRUST & RELATIONS
Looking to Redevelop Your Building?
Trust the Experts at Nirman Realty!
Transparent deal
Expert team
10+ years experience in redevelopment
Associated with well-known & experienced developers
Good knowledge about legality & land revenue
Other service :
Land
Jv Project
Property
nirmanrealty
Nirman Realty
https://nirmanrealty.in
MEMBERS OF
ARA NAR Registered in : RERA
For any query & inquiry
+91 9601772777

## અન્ય શહેરોથી કેમ અલગ છે ગુજરાતનું માન્ચેસ્ટર?

# દિલ્હી અને મુંબઈથી કેવી રીતે આગળ નીકળ્યું અમદાવાદ?

અમદાવાદ : કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની યજમાની સત્તાવાર રીતે ભારતને સોંપવામાં આવી છે અને હોસ્ટ સિટી તરીકે ગુજરાતના અમદાવાદની પસંદગી કરવામાં આવી છે. આ નિર્ણય તાજેતરમાં ગ્લાસગોમાં યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશનની ૭૪મી જનરલ એસેમ્બલીમાં લેવામાં આવ્યો હતો. જેમાં ભારત દ્વારા રજૂ કરાયેલ વિઝન ડોક્યુમેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાન અને આધુનિક સ્પોર્ટ્સ સિટીના રોડમેપે ૭૪ સભ્ય દેશોના પ્રતિનિધિઓને પ્રભાવિત કર્યા હતા.

જો કે, દેશમાં ઉઠેલી એક ચર્ચા મુજબ, દિલ્હી અને મુંબઈ જેવા મોટા શહેરોને પાછળ છોડીને અમદાવાદની પસંદગી થવી એક મોટો સવાલ પણ ઊભો કરી રહી છે. આખરે ગુજરાતનું આ શહેર બાકીની મેટ્રો સિટી કરતા એટલું અલગ કેમ છે કે હવે તમામ મોટી સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ અહીં શિફ્ટ થઈ રહી છે? ચાલો આજે અમે તમને જણાવીએ કે, શા માટે મોટી સ્પોર્ટ્સ ઈવેન્ટ દિલ્હી અને મુંબઈને બદલે અમદાવાદ શિફ્ટ થાય છે અને બાકીના શહેરો કરતા ગુજરાતનું માન્ચેસ્ટર કેમ અલગ છે?

સાલ ૨૦૧૦ પછી આ બીજી વખત છે, જ્યારે ભારત કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરશે. છેલ્લી વખત દિલ્હી હોસ્ટ હતું, પરંતુ આ વખતે અમદાવાદની પસંદગી કરવામાં આવી છે. કારણ કે છેલ્લા ૧૦ વર્ષમાં અહીં હાઈટેક સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર થયું છે. ગુજરાતમાં સૌથી મહત્વનું સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્કલેવ છે, જ્યાં હાઈટેક એક્વેટિક્સ સેન્ટર, આધુનિક ફૂટબોલ સ્ટેડિયમ અને બે મોટા ઈન્ડોર એરેના બનાવવાની તૈયારી છે. સાથે જ લગભગ ૩૦૦૦ ખેલાડીઓ માટે ગેમ્સ વિલેજનું નિર્માણ પણ અહીં પ્લાન કરવામાં આવ્યું છે.

આ સિવાય અમદાવાદનું નામ આવતા જ સૌ પ્રથમ મનમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું નામ આવે છે, જેની ક્ષમતા ૧ લાખથી પણ વધુ દર્શકોની છે. આ ઉપરાંત શહેરે થોડા વર્ષોમાં આંતરરાષ્ટ્રીય સ્તરની ઘણી ગેમ્સનું સફળતાપૂર્વક આયોજન કર્યું છે, જેમાં કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ, એશિયન એક્વેટિક્સ ચેમ્પિયનશિપ અને AFC અંડર-૧૭ એશિયા કપ ક્વોલિફાયરનો સમાવેશ થાય છે. આ જ કારણ છે કે, ઈન્ટરનેશનલ ફેડરેશનને વિશ્વાસ છે કે અમદાવાદ મોટી મલ્ટી-સ્પોર્ટ ઈવેન્ટને કોઈપણ અવરોધ વિના સંભાળી શકે છે.

દિલ્હી અને મુંબઈ પહેલેથી જ હાઈ-ડેન્સિટી મેટ્રો સિટીઝ છે. જ્યારે અમદાવાદમાં નવા સ્પોર્ટ્સ એન્કલેવ, મોટા સ્ટેડિયમો, નવી હોટેલ, સારું રોડ નેટવર્ક અને મેટ્રો વિસ્તરણ માટે પૂરતી જગ્યા ઉપલબ્ધ છે. આ ઉપરાંત ગુજરાતનો રેકોર્ડ મોટા પ્રોજેક્ટ્સને સમયસર પૂર્ણ કરવાનો, રોકાણ આકર્ષવાનો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઝડપથી આકાર આપવાનો રહ્યો છે. CGFને પણ વિશ્વાસ હતો કે, અમદાવાદ સમય મર્યાદામાં તમામ તૈયારીઓ પૂરી કરી શકશે. આ ઉપરાંત દિલ્હી અને મુંબઈ જેવા શહેરોમાં મોટી ઈવેન્ટ્સને કારણે શહેર ઠપ થઈ જાય છે, પરંતુ અમદાવાદમાં અન્ય શહેરોની સરખામણીમાં ટ્રાફિકનું દબાણ ઓછું છે, સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્લસ્ટર આધારિત છે, જ્યાં બધું જ એક જ સ્પોર્ટ્સ જિલ્લામાં વિકસાવવામાં આવી રહ્યું છે, જે આવી ઈવેન્ટ્સ માટે આદર્શ છે. જ્યારે દિલ્હી અને મુંબઈ જેવા શહેરોમાં આ પ્રકારની તૈયારી મુશ્કેલ બની જાય છે.

ભારતે CGF સમક્ષ જે વિઝન ડોક્યુમેન્ટ રજૂ કર્યા છે, તે સંપૂર્ણપણે ફ્યુચર રેડી અને ટેક્નોલોજી-ડ્રિવન હતું. તેમાં ઝીરો વેસ્ટ પોલિસી, ગ્રીન ટ્રાન્સપોર્ટ, કાર્બન ન્યુટ્રલ આયોજન, ડિજિટલ ઈન્ટિગ્રેશન અને સસ્ટેનેબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થતો હતો. તેથી CGFને ભારતની આ યોજના ખૂબ પસંદ આવી હતી. દુનિયા હવે મોટી સ્પોર્ટ્સ ઈવેન્ટ્સનું આયોજન સસ્ટેનેબલ મોડેલ પર કરવા માંગે છે.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેકશન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીંગ કરી આપવામાં આવશે
• મુગટ • ગાદી સેટ • પારણાં • સિંહાસન • મોરલી • કુંડળ
માતાજીનો શણગાર • ફેન્સી ચુંદડી • પવિત્રા • લેટેસ્ટ હાર • સ્પે. અત્તર
• સુગંધીદાર અગરબત્તી • ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

# કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ પહેલા અમદાવાદમાં હોટલ રૂમની કટોકટી, નિષ્ણાતોએ વ્યક્ત કરી ચિંતા

અમદાવાદઃ ગુજરાતની આર્થિક રાજધાની અને હેરિટેજ સીટી અમદાવાદ જ્યારે ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સના યજમાન તરીકે વૈશ્વિક સ્તરે ઉભરી રહ્યું છે, ત્યારે હોટલ રૂમની સર્જાનારી અછત શહેરની મહત્વાકાંક્ષાઓ માટે મોટો પડકાર બની રહી હોવાનું નિષ્ણાતો માની રહ્યાં છે. નિષ્ણાતોના મતે, આ મેગા સ્પોર્ટ્સ ઈવેન્ટ દરમિયાન ખેલાડીઓ, અધિકારીઓ, મીડિયા અને પ્રવાસીઓના રોકાણ માટે અમદાવાદ અને ગાંધીનગરમાં અંદાજે ૬૦,૦૦૦ વધારાના હોટલ રૂમની જરૂર પડશે. જેનો અર્થ એ છે કે શહેરને લગભગ ૩૦૦ થી ૪૦૦ નવી હોટલ્સની જરૂર છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે છેલ્લા દસ વર્ષમાં આ ક્ષેત્રમાં ક્ષમતા વધારવા માટે ખૂબ જ ઓછી કામગીરી થઈ છે.

આ સમસ્યા માટે ગુજરાતની ૨૦૧૬-૨૦૨૫ની હોટલ પોલિસીની નિષ્ફળતા અને તેની સમયસીમા પૂર્ણ થવાને જવાબદાર માનવામાં આવે છે. ઉદ્યોગના નિષ્ણાતો જણાવે છે કે છેલ્લા ૧૦ વર્ષમાં શહેરમાં ૧૦થી પણ ઓછી નવી હોટલો બની છે. જમીનના ઊંચા ભાવ અને બાંધકામ ખર્ચને કારણે હાલના રૂમ ભાડા મુજબ સ્વતંત્ર હોટલ પ્રોજેક્ટ્સ આર્થિક રીતે પોસાય તેમ નથી.

ડેવલપર્સના મતે, નવી હોટલના પ્રોજેક્ટ્સ માટે મંજૂરીથી લઈને તૈયાર થાય ત્યા સુધી સરેરાશ ૫.૫ વર્ષનો સમય લાગા જાય છે. જો સરકાર ૨૦૨૬ના અંત સુધીમાં નવી પોલિસી અને સિંગલ વિન્ડો ક્લિયરન્સ આપે તો પણ નવી હોટલ્સ ૨૦૩૧માં ખુલે તેમ છે, જે કોમનવેલ્થ ગેમ્સ પૂર્ણ થયાના મહિનાઓ પછી હશે.

હાલમાં રાજ્યમાં કોઈ નવી હોટલ પોલિસી અમલમાં ન હોવાથી નવા પ્રોજેક્ટ્સ એક રીતે ફ્રીઝ થઈ ગયા હોવાનું નિષ્ણાતોએ જણાવ્યું હતું. ઉદ્યોગ જગતના અગ્રણીઓ ચેતવણી આપી રહ્યા છે કે જો અમદાવાદે આંતરરાષ્ટ્રીય સ્તરની ઈવેન્ટ સફળતાપૂર્વક યોજવી હોય, તો તાત્કાલિક અને વધુ પ્રગતિશીલ હોટલ પોલિસીની જરૂર છે. ૨૦૩૦નો કાઉન્ટડાઉન શરૂ થઈ ચૂક્યો છે, ત્યારે શહેરની સફળતાનો આધાર માત્ર ભવ્ય સ્ટેડિયમો પર નહીં, પરંતુ તે મહેમાનો માટે પૂરતા રૂમ બનાવી શકે છે કે નહીં તેના પર વધુ રહેશે.

## કોમન વેલ્થની અસરઃનિરમા ગ્રૂપ અમદાવાદમાં ૫૫૫ રૂમની લક્ઝરી હોટલ બનાવશે

અમદાવાદ : અમદાવાદ સ્થિત નિરમા ગ્રૂપ હોટલ ઈન્ડસ્ટ્રીઝમાં પ્રવેશ કરી રહી છે. નિરમા ગ્રૂપ અંદાજે રૂ.૧૨૨૦૭ કરોડના ખર્ચે હોસ્પિટાલિટી ક્ષેત્રમાં નોંધપાત્ર વૈવિધ્યકરણ કરવાની યોજના બનાવી રહ્યું છે અને તેના ભાગરૂપે અંદાજે ૫૫૫ રૂમ લકઝરી કેટેગરીના બનાવવા માટે પર્યાવરણીય મંજૂરી મેળવ્યા બાદ આકાર પામશે. અમદાવાદના ઝડપથી વિકસતા કોર્મશિયલ કોરિડોર એસજી હાઈવે પર નવી ફાઈવ-સ્ટાર પ્રોપર્ટીનું આયોજન કરવામાં આવ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, નિરમા ગ્રૂપ ઈન્ડિયન હોટેલ્સ કંપની લિમિટેડ, હયાત હોટેલ્સ અને મેરિયોટ ઈન્ટરનેશનલ જેવી સંસ્થાઓ સાથે જોડાણ કરી રહ્યું છે. જોકે હજુ સુધી કોઈ ચોક્કસ કરાર થયા નથી. ગુજરાત-અમદાવાદમાં સતત વધી રહેલ ટૂરિઝમ, મ્યૂઝિક કોન્સર્ટ, બિઝનેસ ઈવેન્ટ, ક્રિકેટ મેચના કારણે છેલ્લા પાંચ વર્ષથી ઈન્ડસ્ટ્રીઝનો ગ્રોથ હાઈ ડબલ ડિજિટમાં રહ્યો છે જેના કારણે આ સેક્ટરમાં મોટા પાયે રોકાણ આવી રહ્યું છે.

અમદાવાદમાં અત્યારે ફાઈવ સ્ટાર કે ડિલક્સ કેટેગરીની સરેરાશ ૧૮ હોટલ ઉપલબ્ધ છે. ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ સુધીમાં હજુ આ સેક્ટરમાં અન્ય ૧૫-૨૦ જેટલી ફાઈવ સ્ટાર-ડિલક્સ કેટેગરીની હોટલની જરૂરીયાત ઉદ્ભવશે. સતત વધતી જતી માગને કારણે નિરમા ગ્રૂપ પ્રવેશ કરી રહી છે.

Digital India
Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC
e-Governance Services India Limited
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
આયુષ્માન કાર્ડ
બેન્કીગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

## અમદાવાદીઓ માટે ખુશખબર

# ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ ૬ દિવસ લંબાયો, જાણો ફી એન્ટ્રીનો સમય અને નવી થીમ

અમદાવાદ : PM મોદીના હસ્તે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ મહોત્સવને સાંપડેલા બહોળા પ્રતિસાદને ધ્યાનમાં રાખીને 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬'ને ૧૭ જાન્યુઆરી સુધી લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેથી હવે ૧૭ જાન્યુઆરી સુધી લોકો પતંગોત્સવની મજા માણી શકશે.આ વખતના આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું સૌથી મોટું આકર્ષણ હેરિટેજ થીમ છે.યુનેસ્કો દ્વારા અમદાવાદને વર્લ્ડ હેરિટેજ સિટી જાહેર કરાયું છે.

પતંગ મહોત્સવમાં સૌ પ્રથમ વખત અમદાવાદની હેરિટેજની થીમ પર અમદાવાદ હેરિટેજ તથા કાઈટ મ્યુઝિયમ એક્સપીરિયન્સલ ઝોનનું નિર્માણ કરવામાં આવ્યું છે. દર વર્ષે પરંપરાગત રીતે યોજાતા આ મહોત્સવમાં આ વખતે હેરિટેજની થીમના કારણે આધુનિકતાની સાથે સાથે અમદાવાદની સંસ્કૃતિ અને વિરાસતનો સંગમ જોવા મળશે.અમદાવાદની ઓળખ સમાન જૂની પોળોનો અનુભવ રિવરફ્રન્ટ પર કરાવવા માટે પોળ વિસ્તારની રેપ્લિકા ઉભી કરવામાં આવી છે. પોળ જેવો અહેસાસ કરાવવા માટે જૂના લાકડાના દરવાજા, કલાત્મક બારીઓ અને જૂના પિલ્લર જેવા મટીરીયલનો ઉપયોગ કરીને આખી થીમ તૈયાર કરાઈ છે.

અમદાવાદની વારસાગત સ્થાપત્ય પરંપરાને દર્શાવતી હેરિટેજ હવેલી અને પૌરાણિક પોળ, રંગબેરંગી હસ્તકલા બજાર, હેરિટેજ વોક-વે પર રચાયેલ પતંગ મ્યુઝિયમ,આકર્ષક આઈકોનિક ફોટો વોલ ઈન્સ્ટોલેશન્સની નગરજનોને આકર્ષિત કરશે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬માં ૫૦ દેશોના ૧૩૫ આંતરરાષ્ટ્રીય પતંગબાજો, અને ગુજરાત સહિત ભારતના ૧૪ રાજ્યોમાંથી ૮૭૧ પતંગબાજો એમ કુલ મળીને ૧,૦૭૧ પતંગબાજો ભાગ લેશે.આંતરરાષ્ટ્રીય મહોત્સવ જેવા રાજ્યની સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરતાં આયોજનો થકી સમગ્ર ગુજરાતની ઓળખ વૈશ્વિકસ્તરે અગ્રણી સાંસ્કૃતિક અને પ્રવાસન ગંતવ્ય તરીકે પ્રસ્થાપિત થઈ રહી છે.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬'ની મુલાકાતે આવનારા લોકો માટે અમદાવાદ હેરિટેજ તથા કાઈટ મ્યુઝિયમ એક્સપીરિયન્સલ ઝોન ની મુલાકાત સવારના ૯ વાગ્યાથી બપોરના ૩ વાગ્યા સુધી નિઃશુલ્ક રહેશે. બપોરના ૩ વાગ્યા બાદ મુલાકાત માટે પ્રતિ વ્યક્તિ રૂ. ૫૦ ની ફી નિર્ધારિત કરેલ છે. જેમાં સાથોસાથ સાંજે ૦૭:૦૦ વાગ્યાથી વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ માણી શકાશે. જેનું બુકિંગ ઓનલાઈન 'બુક માય શો' ની વેબસાઈટ (https://in.bokomyshow.com) તથા મોબાઈલ એપ્લિકેશન પર કરી શકાશે.

## ઉત્તરાયણને લઈને રેલવેએ

# શહેરીજનોને પાટા ઉપર લગાવેલા હાઈ વોલ્ટેજ ઈલેક્ટ્રિક વાયરથી દૂર રહેવા અપીલ

અમદાવાદ : ઉત્તરાયણ નિમિત્તે પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન દ્વારા જાહેર જનતાને સુરક્ષાના કારણસર મહત્ત્વની તાકીદ કરી છે. ઉત્તરાયણ દરમિયાન લોકો ગાંડાઘેલા થઈને પતંગ ચગાવતા હોય છે, જેના કારણે અનેક વખત મોટી દુર્ઘટનાઓ પણ સર્જાતી હોય છે. જેથી લોકોને સાવચેતી સાથે ઉત્તરાયણની ઉજવણી કરવી જોઈએ.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના તમામ સેક્શનમાં રેલવે લાઇન ઉપર ૨૫,૦૦૦ વોલ્ટ (૨૫ કિલોવોલ્ટ)ના ઓવરહેડ ઈલેક્ટ્રિક (ઓઈ) હાઇ-વોલ્ટેજ તાર પસાર થતા હોય છે. ઘણીવાર જોવા મળે છે કે પતંગ ઉડાવતી વખતે દોરી આ તારાઓમાં ફસાઈ જાય છે. કેટલીક દોરીમાં ધાતુના અંશ અથવા ભેજ હોવાના કારણે તેમાં વિદ્યુત પ્રવાહ વહેવા લાગે છે, જેના કારણે કરંટ નીચે સુધી પહોંચી શકે છે, જેનાથી મોટી જાનહાનિ ક્યારેક થઈ શકે છે, તેથી દૂર રહેવાની અપીલ કરવામાં આવી છે.

દોરીમાં ધાતુના અંશ અથવા ભેજ હોવાના કારણે હાઇ-વોલ્ટેજ તાર પતંગ ઉડાવનાર વ્યક્તિઓ, રેલવે ટ્રેકની નજીકથી પસાર થનારા નાગરિકો તથા ટ્રેક પર કાર્યરત રેલવે કર્મચારીઓ માટે પણ અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. જેથી પશ્ચિમ રેલવે દ્વારા લોકોને સૂચનાઓ આપવામાં આવી છે અને સાથે અપીલ પણ કરવામાં આવી છે.

અમદાવાદ મંડળ દ્વારા જનસામાન્ય માટે સુરક્ષા જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેના અંતર્ગત રેલવે પાટા આસપાસ રહેતા નાગરિકોને કાઉન્સેલિંગ દ્વારા જરૂરી સાવચેતીઓ અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

પોતે સાવચેત રહો અને લોકોને પણ જાગૃત કરો

રેલવે પ્રશાસન દ્વારા તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, લોકો પહેલા જાતે સાવચેત રહે અને બાદમાં અન્ય લોકોને પણ આ માટે જાગૃત કરે, જેથી ઉત્તરાયણ પર્વ સુરક્ષિત અને આનંદમય રીતે ઉજવી શકાય. રેલવે વિભાગે કહ્યું કે, તમારી સાવચેતી માત્ર તમારી જ સુરક્ષા નહીં, પરંતુ અન્યના જીવનની પણ રક્ષા કરે છે. જેથી રેલવે દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ અને અપીલોનું ખાસ પાલન કરવું ખૂબ જ જરૂરી છે.

અમદાવાદ ડિવિઝન દ્વારા જાહેર કરાયેલ મુખ્ય સૂચનાઓ અને અપીલ

પાટાથી દૂર રહોઃ સુરક્ષા અને કાયદાની દૃષ્ટિએ રેલવે ટ્રેકની આસપાસ પતંગ ન ઉડાવો.

હાઇ-વોલ્ટેજ તારને સ્પર્શ ન કરોઃ જો પતંગ અથવા દોરી ઓવરહેડ તારામાં ફસાઈ જાય તો તેને કાઢવા માટે કોઈપણ પ્રકારની છડી, લાકડી કે સાધનનો ઉપયોગ ન કરો.

બાળકોની સુરક્ષા પર ખાસ ધ્યાન આપોઃ માતાપિતાએ ખાતરી કરવી જોઈએ કે બાળકો પતંગ પકડવાના લાલચમાં રેલવે ટ્રેક તરફ ન જાય.

રેલવે કર્મચારીઓની સુરક્ષાઃ ઓવરહેડ તારામાં ફસાયેલી દોરી ટ્રેક પર કાર્યરત રેલવે કર્મચારીઓ માટે પણ ગંભીર જોખમ ઉભું કરે છે.










Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.